मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

કારતક
|
માગશર

કારતક
|
માગશર





પુસ્તક ૯૧ મું

અંક ૧-૨

૭ મી જાન્યુ.

૧૯૭૫

વીર સંવત

૨૫૦૦

વિ. સંવત
૨૦૩૧


:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૯૦ મું : વાર્ષિક લવાજમ: પોસ્ટેજ સહિત ૫-૨૫

# अनुक्रमणिका


| ક્રમ | લેખ | લેખક | પા.નં. |
|---|---|---|---|
| ૧. | મહાવીર સ્તવન | ....વિજયલબ્ધિસૂરિ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્માત્મા પૂ. કુંવરજીભાઈ આણંદજી | ....અમરચંદ માવજી શાહ | ૭ |
| ૫. | અંચલગચ્છના પ્રથમ મહત્તરા સા. સમયશ્રી | ....શાહ કરમશી ખેતશી ખોના | ૯ |
| ૬. | 'ખરતર' ગુરૂ પટ્ટાવલી અક્રિય છે | ....હીરાલાલ ર. કાપડીયા | ૧૧ |
| ૭. | શ્રમણ ભગવાન મહાવીર | ...કુ. વર્ષાબ્હેન ભ. શાહ | ૧૩ |
| ૮. | વિશ્વમાન્ય ધર્મ (દોહરા) | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૫ |
| ૯. | ભગવાન મહાવીરની પચ્ચીસોહમી નીર્વાણ કલ્યાણ પ્રસંગે | ....બળવંત | ૧૬ |


## ✻ શુભાભિલાષ ✻

ભૈરવી-લાવણી

વિજય વિજય હો વીર શાસનનો, વિશ્વમહીં જયકાર,
શાસનદેવા આશીષ અર્પો, અવનીને શુભ સાર. શાસન

પ્રેમ અહિંસા ભ્રાતૃભાવનો, પામે જગ વિસ્તાર;
સત્ય સંયમે સૃષ્ટિ સોહે, સ્વર્ગ સમી સુખકાર. શાસન

જડવાદે જકડાતી જનતા, પામે દુઃખ નિસ્તાર;
સ્વાર્પણ સહકાર સધાએ, દેશ જાતિ મનુ બાળ. શાસન

'સીતારામ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૯૦ મું
અંક ૧૨ મો | કારતક–માગશર | વીર સં. ૨૫૦૦
વિક્રમ સં. ૨૦૩૦

## મહાવીર સ્તવન

જય જય વીર પ્રભુ શિવપદ આપો.
દુઃખ હમારાં સઘળાં કાપો...જય

તું જગત્રાતા શિવદાતા છે, રત્નત્રયીનો તું ધાતા છે,
તારા નામે સુખશાતા છે...જય

મંગળ નવનિધિ નવ નવ હોવે, વીર પ્રભુનું મુખડું જોવે.
ભવ ભવ દુઃખડાં તે નર ખોવે...જય

આત્મકમલ તે નર વિકસાવે, જે નિત્ય વીર–ચરણ ઘટ ધ્યાવે.
સો નર લબ્ધિ ગુણ પાવે...જય.

—શ્રી વિજયલબ્ધિસૂરિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ )

લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથાય સદૈવાકોટિન નમન



એવી રીતે જન્મથી વીશ લાખ પૂર્વ વહી ગયા ત્યારે વ્યવહાર ધર્મનું પાલન કરવા માટે ઋષભદેવ આ ભરતક્ષેત્રમાં પ્રથમ રાજા થયા. તેમણે ડાહ્યા ડાહ્યા યુગલીયાઓને મંત્રી (પ્રધાન) તરીકે નીમ્યા, રાજ્યમાં ચોરી વગેરે ઉપદ્રવ ન થાય તે માટે કેટલાક યુગલીયાઓને આરક્ષક તરીકે જોડયા.

ઋષભદેવે હાથીઘોડા વીગેરેનો સંગ્રહ કરવા માંડયો અને જાણે પૃથ્વીના વિમાન હોય તેવા કાષ્ટના સુંદર રથો તૈયાર કરાવ્યા વળી પાયદળ લશ્કર (સેના) પણ એકઠી કરવા માંડી. જબરા યુગલીકોને સેનાપતિ તરીકે નીમ્યા. વળી ગાય, ભેંસ, બળદ, ઊંટ, મહીલ અને ખચ્ચ વગેરે પશુઓ પણ તેમના ઉપયોગને જાણનારા ઋષભદેવે ગ્રહણ કર્યાં અને આ ભરતવર્ષમાં પહેલવહેલું જ ઋષભદેવનું વિધિ પ્રમાણનું રાજ્ય પ્રવર્ત્યું.

હવે આ સમયે કલ્પવૃક્ષો તદ્દન વિચ્છેદ પામી ગયા ગયા હતા જેથી યુગલીકો કંદમૂળ અને ફલાદિનું ભક્ષણ કરતા હતા તેમજ કાળબળે કરીને ઘઉં, ચણા, મગ શાલિ વગેરે ઘાસની માફક પોતાની મેળે જ ઉગવા લાગ્યું અને તે કાચોને કાચો આહાર ખાવાથી યુગલીકોને પેટમાં દુઃખવા લાગ્યું, એટલે તેઓ ઋષભ આગળ ફરીયાદ કરવા આવ્યા.


આજસુધી યુગલીકોને દુઃખનું ભાન સરખું ન હતું. "દુઃખ શું છે" તે પણ સમજતા નહી તેઓ હંમેશા ઔદારિક શરીરવાળા હોવા છતાં દેવતાની માફક દિવ્ય અને નિરોગી હોય છે. મરણ સમયે પણ રોગ રહીત પણે જ દેવતાની માફક આવી જાય છે. હાલના દોષે કરીને હવે તેમને પેટમાં દુખવા માંડયું છતાં તેમને જ્ઞાન નહોતું કે અશુધામ છે? માત્ર દુખધામ છે એટલું જ તેઓ સમજતા? "ઋષભ! રૂષભ! વાતમાં ઉત્પન્ન થયેલ અનાજ ખાધા પછી અમારાપેટમાં અનિવાર્ય પીડા થાય છે?"

( ક્રમશઃ )

For Private And Personal Use Only

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



નારદ બોલ્યો–'ચેદી દેશમાં શુક્તિમતી નામે એક વિખ્યાત નગરી છે, જેની આસપાસ નર્મ સખી હોય તેવી શુક્તિમતી નામની નદી વિંટાયેલી છે. તે નગરીમાં સારા આચરણવાળા અનેક રાજાઓ થઇ ગયા પછી મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં અભિચંદ્ર નામે સર્વ રાજ્યકર્તાઓમાં શ્રેષ્ઠ રાજા થયો હતો. તેનો પુત્ર વસુ નામે થયો, જે મહાબુદ્ધિમાન્ અને સત્યવચનીપણામાં વિખ્યાત થયો. ક્ષીરકદંબ નામના એક ગુરુની પાસે તે ગુરૂનો પુત્ર પર્વત રાજપુત્ર વસુ અને હું એમ ત્રણ જણ ભણતા હતા. એક વખતે રાત્રિએ અભ્યાસના શ્રમથી થાકી જઇને અમે ઘરની અગાસીમાં સૂતા હતા તેવામાં કોઇ ચારણશ્રમણ મુનિ આકાશમાર્ગે જતાં માંહેમાંહે આ પ્રમાણે બોલ્યા–'આ ત્રણ વિદ્યાર્થીઓમાં એક સ્વર્ગે જશે અને બે નરકે જશે.' આ વાર્તાલાપ ક્ષીરકદંબ ગુરુના સાંભળવામાં આવ્યો તેથી તેઓ ખેદ પામીને ચિંતવવા લાગ્યા કે –'અહો! મારા જેવો ગુરુ અધ્યાપક છતાં તેમાંથી બે શિષ્યો નરકમાં જશે!' પછી અમારામાંથી કોણ સ્વર્ગે જશે અને કોણ નરકે જશે તેનો નિર્ણય કરવાની જિજ્ઞાસાથી ગુરુએ અમો ત્રણેને એક સાથે બોલાવ્યા અને અમો ત્રણેને એક એક પિષ્ટનો કુકડો આપીને કહ્યું કે–'જ્યાં કોઇ ન જુએ તેવે ઠેકાણે જઇને આ કુકડાને તમારે મારી નાખવો.' પછી વસુ અને પર્વતે તો કોઇક શુન્ય પ્રદેશમાં જઇ પોતાની આત્મહિતકારી ગતિની માફક તે પિષ્ટના કુકડાને મારી નાખ્યો. હું એકલો નગરની બહાર દૂર દેશે જઈ એકાંતમાં રહીને દિશાઓને જોતો વિચાર કરવા લાગ્યો કે–'ગુરુએ આ બાબતમાં પ્રથમ અમને આજ્ઞા આપી છે કે જયાં કોઈ જુએ નહિ તેવે સ્થાને આ કુકડાને મારવો; પણ અહીં તો કુકડો પોતે જુએ છે, હું જોઉં છું, આ ખેચરો જુએ છે. લોકપાળો જુએ છે અને જ્ઞાનીઓ પણ જુએ છે, એવું કોઇ સ્થાન નથી કે જયાં કોઈ પણ જુએ નહિ, તેથી ગુરુની વાણીનું તાત્પર્ય એવું જણાય છે કે–'આ કુકડાને મારવો નહિ.' એ પૂજ્યગુરુ સદા દયાળુ અને હિંસાથી વિમુખ છે, તેથી તેમણે અમારી બુદ્ધિની પરીક્ષા કરવાને માટે જ જરૂર આવી આજ્ઞા આપી હશે.' આવો વિચાર કરી એ કુકડાને હણ્યા વગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું પાછો આવ્યો અને કુકડાને નહિ હણવાનો હેતુ ગુરુને જણાવ્યો ગુરુએ 'જરૂર આ શિષ્ય સ્વર્ગે જશે' એવો નિશ્ચય કરી ગૌરવવડે મને શાબાશ શાબાશ, એમ કહી આલિંગન કર્યું. પછી થોડીવારે વસુ અને પર્વત આવ્યા. તેમણે કહ્યું કે-'જ્યાં કોય ન જુએ તેવે ઠેકાણે કુકડાને મારી નાંખ્યો,' ગુરુએ ધિક્કારપૂર્વક કહ્યું કે-'રે પાપીઓ ? તમે પોતે જોતા હતા અને ઉપર ખેચર વિગેરે જોતા હતાં, તમે તે કુકડાને કેમ મારી નાખ્યો ? પછી ખેદથી તેમને નવો અભ્યાસ કરાવવાનો વિચાર બંધ કરી ઉપાધ્યાયે ચિતવ્યું કે-"આ વસુ અને પર્વતને અધ્યયન કરાવવાનો મારો પ્રયાસ વ્યર્થ થયો જેમ જળનું પડવું સ્થાનના ભેદથી મોતીપણે પણ થાય છે અને લવણપણે પણ થાય છે તેમ ગુરુનો ઉપદેશ પાત્ર પ્રમાણે જ પરિણમે છે. પર્વત મારો પ્રિય પુત્ર છે અને વસુ પુત્રથી પણ અધિક છે. તેઓ જ્યારે નરકમાં જવાના છે તો પછી મારે ગૃહવાસમાં રહેવાનું શું પ્રયોજન છે?" આવો નિર્વેદ (વૈરાગ્ય) પામી ઉપાધ્યાયે તરત જ દીક્ષા લીધી અને વ્યાખ્યાન (પાઠન) કરાવવામાં નિપુણ એવા પર્વતે પોતાના પિતાનું ગુરુપદ લીધું. ગુરુના પ્રસાદથી સર્વ શાસ્ત્રમાં પ્રવીણ થઈ હું ત્યાંથી મારા સ્થાનકે ચાલ્યો ગયો અને રાજાઓમાં ચંદ્ર સમાન અભિચંદ્રરાજાએ સમય આવતાં વ્રત ગ્રહણ કર્યું એટલે લક્ષ્મીવડે જેવો વાસુ રાજા થયો. તે પૃથ્વીમાં સત્યવાદી તરીકે પ્રખ્યાત થયો, તેથી તે પ્રખ્યાતિ પાળવાને માટે તે હંમેશા સત્ય જ બોલતો હતો. એક વખતે વિંધ્યગિરિના નિતંબમાં કોઈ શિકારી મૃગયા રમવા આવ્યો. તેણે એક બાણ ફેંકતાં તે વચ્ચમાં સ્ખલિત થઈ ગયું. બાણની સ્ખલના થવાનો હેતુ જાણવાને તે ત્યાં ગયો, તો તેને આકાશ જેવી નિર્મળ સ્ફટિકની શિલાનો સ્પર્શ થયો, તેથી તેણે વિચાર કર્યો કે-'ચંદ્રમાં ભૂમિની છાયાની જેમ કોઈ બીજે સ્થાને ચરતો મૃગ આ શિલામાં પ્રતિબિંબિત થયેલો મારા જોવામાં આવ્યો હશે. કારણ કે આ શિલા હાથમાં સ્પર્શ વિના કાંઈ જણાય તેવી નથી માટે એ વસુરાજાને યોગ્ય છે.' આમ વિચારી તે શિકારીએ એકાંતમાં જઈને વસુરાજાને તેની જાણ કરી તેથી રાજાએ હર્ષથી તે શિલા ગ્રહણ કરી અને તેને ઘણું ધન આપ્યું. પછી વસુરાજાએ ગુપ્ત રીતે તે શિલાની એક આસનવેદી[1] કરાવી અને તે વાત ગુપ્ત રાખવાને માટે તેના કારીગરોને મરાવી નાંખ્યા; કારણ કે રાજાઓ કોઈના મિત્ર હોતા નથી. પછી તે શિલાની વેદી ઉપર ચેદી દેશના રાજા વસુએ પોતાનું સિંહાસન રાખ્યું. તેથી વસુરાજાના સત્યના પ્રભાવથી આ સિંહાસન જમીનથી અદ્ધર આકાશમાં રહ્યું છે એમ અબુધ લોકો જાણવા લાગ્યા, અને 'સત્યથી સંતુષ્ટ થયેલ દેવતાઓ વસુરાજાની સાનિધ્ય કરે છે' આવી ઉગ્ર પ્રસિદ્ધિ સર્વ દિશાઓમાં ફેલાણી. તે પ્રસિદ્ધિથી ભય પામીને અનેક રાજાઓ તેને વશ થઈ ગયા, કારણ કે સાચી કે ખોટી ગમે તેવી પણ પ્રસિદ્ધિ માણસોને જય આપે છે

એક વખતે ફરતો ફરતો હું ત્યાં ગયો. તે વખતે બુદ્ધિમાન શિષ્યોને ઋગ્વેદની વ્યાખ્યા આપતો પર્વત મારા જોવામાં આવ્યો. (ક્રમશ:)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્માત્મા પૂ. શ્રી કુંવરજીભાઇ આણંદ

## અંતિમ જીવનયાત્રાનો પ્રસંગ....

લેખક:-અમરચંદ માવજી શાહ

ધર્માત્મા. પૂજ્ય શ્રી કુંવરજીભાઈ આણંદજી જૈન શાસનમાં ભાવનગરને આંગણે એક આત્મ જ્ઞાની અને પ્રજ્ઞાવંત પ્રતિભાશાળી પુરૂષ આજથી ત્રીસ વરસ પહેલા વિદ્યમાન હતા, જેઓશ્રી બાલ્યવયથી જ જ્ઞાન-ધ્યાન-વૈરાગ્યમય-પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેતા યુવાન વયમાં તેઓશ્રી મુંબઈ ગયેલા તેઓશ્રીનો વ્યાપાર કાપડનો હતો, શેઠ આણંદજી પરશોતમના નામની પેઢી કાપડની મોટી દુકાન શરાફ બજારમાં હતી. મુંબઈમાં તેઓશ્રીને કવીવર્યશ્રી રાયચંદભાઈ રવજીભાઈ શતાવધાનીનો સત્સંગ પ્રાપ્ત થયેલો અને તેમની સાથે ખુબ જ જ્ઞાનચર્ચા ૬ માસ સુધી તેઓશ્રીએ કરેલી મને તેઓશ્રીએ જણાવેલ કે તેમની વાણીની મીઠાશ એવી મધુર હતી કે આપણે સાંભળતા ન થાકીએ, એવા પ્રબળ પ્રતાપવંત એ પુરૂષ હતા વાતો કરતા છુટા પડવાનાં ટાઇમે પણ રસ્તામાં ગુલાલવાડી પાસે ઉભા ઉભા જ્ઞાનચર્ચા કરતા જમવાના સમયનો પણ ખ્યાલ રહેતો નહિ એવી મજા આવતી.

ભાવનગરમાં પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ આદિનો સત્સંગ, સન્મિત્ર કર્પુરવિજયજી મહારાજનો સત્સંગ આમ અનેક મહાપુરૂષોનાં સત્સંગમાં તેઓશ્રીનું જીવન પવિત્ર બનેલું. ભાવનગરમાં શ્રી જૈન ધર્મપ્રસારક સભાની સ્થાપના આ પુરૂષાર્થી આત્માએ કરાવેલી જે અદ્યાપ્ત ચાલુ છે જેના જૈન દર્શનના મહાન શાસ્ત્રો પ્રગટ થયા છે અને જૈન શાસનમાં જ્ઞાનનો સૂર્ય પ્રકાસીત કરવાનું ભાવનગર કેન્દ્ર બની ગયું. હતું.

તેઓશ્રીનો વ્યવસાય ભણવું ને ભણાવવું, શાસનના અને સંસ્થાઓના કાર્યમાં તન-મન-ધનથી સેવા આપવી. ભાવનગર રાજ્યનાં રાજકર્તાઓ તથા દીવાનસાહેબ તથા અગ્રગણ્યો સૌ તેમને પૂજ્ય ભાવથી જોતા, તેમની સલાહ સૂચના લેતા, તેમની સલાહ કીંમતી ગણાતી.

તેમનો પહેરવેશ બાલાબંધી અંગરખું માથે પાઘડી-ધોતીયુ તેમનો દેખાવ એક આદર્શ ગ્રહસ્થની છાપ ઉપસ્થિત કરતો. રોજ રાત્રે મોટા દેરાસરમાં જ્ઞાનચર્ચા ચાલતી. તે વખતે શ્રી સામજીભાઈ માસ્તર શ્રી અમૃતલાલભાઈ માસ્તર શ્રી મોતીચંદ માસ્તર વિગેરે ઘણ સત્સંગીઓનું સંમેલન જેવું હતુ, તેમાં બેસવું એ એક જીવનનો લ્હાવો ગણાતો એવી ભાવનગરની પ્રતિભા પ્રસરી હતી.

તેઓશ્રી બારવ્રતધારી મહા શ્રાવક હતા, તેઓશ્રીનો જૈન દર્શનનો ઉંડો અભ્યાસ હતો, પૂ સાધુ-સાધ્વી મહારાજોને પણ તેઓ નિયમીત સ્વતદાન આપતા, શંકા-સમાધાન કરતા તે સમયમાં ભાવનગરની શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની પાટે જેવા તેવાથી બેસવાનું સાહસ થઇ શકતું નહિ, એ વખતમાં શેઠ જવેરભાઇ ભાયચંદ શેઠ અમરચંદ જસરાજ વીગેરે મહાન પુરૂષો એ વ્યાખ્યાન સભામાં પાઘડીબંધ બેઠા હોય તેમાં યદ્દા તદ્દા કોઇ વાત થઈ શકે જ નહિં તેવો પ્રભાવ હતો

સંવત. ૧૯૯૮ની સાલમાં હું મુબઇથી લડાઇના સંજોગોમાં પરછેગામ આવેલ ત્યાંથી હું ભાવનગર આવ્યો મને પણ બાલ્ય વયથી સદ્દ્ગુણાનુરાગી સત્યમ કર્પુરવિજયજી મહારાજનો સત્સંગ થયેલો યોગીવર્યશ્રી વિજયકેસરસુરિના યોગ અધ્યાત્મના પુસ્તકો તેઓશ્રી તરફથી મળેલા તેના વાંચનથી ખુબજ પ્રભાવીત થયેલો અને બાલ્યવયથીજ યોગ અધ્યાત્મ જ્ઞાન-ધ્યાન ઉપર અને-જીજ્ઞાસા હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુંબઈમાં મુંબઈની જીવદયા મંડળીદ્વારા સંવત ૧૯૮૪થી ૧૯૯૮ સુધી પ્રત્યક્ષ અભયદાનનું કાર્ય દિલની લાગણીથી કહેલું, સંવત ૧૯૯૬માં મને શ્રીમદ્‌ની જીવન યાત્રા વાંચવા મળી અને બાહ્યત્યનુ યોગ અધ્યાત્મનાં બીનને વીકસ્વર કરવાની તેદ્વારા પ્રેરણા થવી, આમ પ્રોત થઈ ગયો, અમર આત્મ સંપત નો જન્મ થયો, ગદ્ય-પદ્યનું ઝરણું વહેવા લાગ્યું. અને સત્સંગ માટે ઝંખના કરવા લાગ્યો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં શ્રી કુંવરજીદાદાને મળ્યો વંદન કર્યા-પ્રથમ પરિચયે મને વાત્સલ્ય સાંપડયું જો તેઓશ્રીને મારી અધ્યાત્મ ભૂખની હિતિ માટે-કોઈ ગ્રંથની માંગણી કરી, તેઓશ્રીએ મને "જ્ઞાનસાર" ન્યા-વિ-શ્રીમદ્‌ યશોવિજયજી મહારાજનું છેલ્લી અવસ્થામાં-રચાયેલું પંડિતવર્યશ્રી ભગવાનલાલ હરખચંદ દોસી એ સંપાદન કરેલું તે મને આપ્યો અને જણાવ્યું કે!' અમરચંદ આ જ્ઞાન સાર અમૃત છે અને ખરેખર-એ અમૃત ગ્રંથથી મને ખુબજ આનંદ થયો.

કુદરતી મારે મુંબઈ જવાનુ બંધ રહ્યું અને ભાવનગરમાં આવ્યો ભાવનગર પાંજરાપોળનાં હું મેનેજર તરીકે નીમાયો તન-મનથી આ મુંગી દુનીયાનુ ક્ષેત્ર મેં સંભાળ્યું, તેમાં પ્રોત થઈ ગયો, અને ભાવનગરમાં હું જાણીતો ને માનીતો થઈ ગયો

પૂજ્યશ્રી કુંવરજીદાદા પાંજરાપોળમા આત્મા હતા...શ્રી જીવરાજભાઈ સરન્યાયાધીશ. પ્રમુખ હતા. પૂજ્ય શેઠશ્રી ભોગીલાલભાઈસાહેબ ઉપપ્રમુખ હતા. બધાનો પ્રેમ મેં સંપાદન કર્યો. મારા આત્મ-મંથનના ગદ્ય-પદ્ય લખાણો પણ જૈનધર્મપ્રકાશ, આત્માનંદપ્રકાશ જૈન વિ માં પ્રસિદ્ધ થવા લાગ્યા. ટુંક સમયમાં હું ભાવનગરમાં પ્રકાશીત થઈ ગયો અને રાજ્ય તરફથી ચાલતા ગીરગૌસંવર્ધન મંડળમાં મારી મંત્રી તરીકે નિયુક્તિ થઈ એટલે ભાવનગરમાં જૈનેતર અગ્રગણ્ય પ્રહર્યો નગરશેઠ કુંજલાલભાઈ વીગેરે સાથે પણ પરિચય વધ્યો.

પૂ કુંવરજીદાદા સં. ૨૦૦૦માં પ્રજ્ઞાચક્ષુ થયા. એટલે ઘેર જ રહેવા લાગ્યા, હું તેમને મળવા ઘેર જતો, પાંજરાપોળનો ૧૦ વર્ષનો રીપોર્ટ પ્રકાસીત કરવાનું કામ મારા હસ્તક આવ્યું, મારા મુંબઈ જીવદયા મંડળના જીવદયા માસીકના પબ્લીસીટી મેનેજર તરીકેના અનુભવથી આ સંપાદન મેં ખુબ જ સુંદર કર્યું પૂ કુંવરજીદાદાના બે બોલ મળ્યા. સુંદર રીપોર્ટ સમાજમાં પ્રકાશીત થયો. પાંજરાપોળનો પ્રકાશ વધ્યો

પૂ કુંવરજીદાદાને મળવાથી જેમ મને આનંદ થતો તેમ તેઓશ્રીને પણ સંતોષ થતો. તેમણે મને જણાવ્યું કે 'અમરચંદ તારે એક આંટો ગમે ત્યારે મારી પાસે આવી જવું જેથી મારા હૃદયમાં આવેલી ઊર્મીઓ તને જણાવી શકું. આવી જ્ઞાનની ગંભીર વાતો જેની તેની સાથે ન થાય એવા પાત્રોનો અભાવ છે તું કાંઈક સમજી શકે છે. તારા લખાણમાં ગદ્ય-પદ્યમાં કવિ રાયચંદભાઈની છાંયા છે

હું કાયમ એક આટો જતો તેમના જૈન ધર્મપ્રકાશમાં પ્રસિધ્ધ કરવાનાં લેખો તેઓ બોલે ને હુ લખી આવતો-વાતો ચીતો કરતો એક દીવસ-હું બપોરનાં ત્યાં ગયો ત્યારે એક ભાઈ તેમની પાસે બેસી એક પુસ્તક વાંચી રહ્યા હતા ને દાદા સાંભળી રહ્યા હતા. મે આ જોયું પછી દાદાને હળવેકથી વાત કરી કે-દાદા આ વાંચન સાંભવતા સાંભળતા કદાચ તમારો કાળ ધર્મ થઈ જાય તો-કેવા પરિણામ થાય? (ક્રમશઃ)

卐-(૮)-卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંચલગચ્છના પ્રથમ મહત્તરા સાધ્વી સમયશ્રી.

લેખક : શાહ કરમશી ખેતશી બોના

પણ એમાં નાસી પાસ થવા જેવું કંઈ નથી. એ દુઃખને અમે વધારે મહત્વ આપતા નથી. આત્મ શ્રેયને અમે સાચું સુખ માનીએ છીએ દુઃખને આત્માના અવાજને શોધી રાખવાની નિશાની ગણીએ છીએ. આ વિશ્વમાં આત્મસનિષ્ઠામાંથી ચ્યુત થવા જેવું દુ ખ બીજું હોઈ શકે ખરૂં?' આચાર્યશ્રીએ દૃઢતાથી પૂછયું

'પણ આટલી બધી ઉગ્ર તપશ્ચર્યા....

'વગર મહેનતે મોક્ષ મળે તો મોક્ષની કિંમતશી?' આચાર્યશ્રી હસી પડયા.

'જેને મૃત્યુ સાથે મિત્રતા હોય અથવા જે મૃત્યુથી ભાગી છુટી શકે એમ હોય અથવા હું નહિ મારું એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખેથી સુએ.' જતાં જતાં આચાર્યશ્રી કહેતા ગયા.

'બા, તારી પાસે હું ઉપાશ્રયમાં આવીશ; સોમાઇએ ઉત્કતાની સાથે ગુલાબકુંવરને કહ્યું. ગુરુદેવની વાણીથી તે અત્યંત પ્રભાવિત થઈ હતી.

'વાહ! આજે તો સૂરજ પશ્ચિમમાં ઉગશે!' ગુલાબકુંવર હસી પડી. ગઈ કાલની વાતચીત પર એને સંતોષ થયો હતો. અને એટલે જ મનમાં સોમાઈની આવી વાતથી જરાયે આશ્ચર્ય થયું નહિં.

'બા કેટલે વાગે વ્યાખ્યાન શરૂ થશે?'

'આટલી બધી ઉતાવળી શેની થાય છે? હું જઈશ ત્યારે તને જરૂર બોલાવીશ બસને!

'ભલે' કહેતી સોમાઈ પોતાના શંગાર ગૃહમાં ગઈ બધા કિંમતી આભુષણો તેણે ઉતારીને પેટીમાં રાખી દીધાં! સાદામાં સાદી સાડી કાઢી તેણે ઓઢી આવેલી સખીઓને અત્યન્ત આશ્ચર્ય થયું. સોમાઈ ગાંડી તો નથી થઇ ગઇને! તેઓ ગુપ ચુપ વાતો કરવા લાગી. ત્યાં તો ગુલાબકુંવરે બુમ પાડી 'તૈયાર થઈ?'

'હા બા!' કહેતી સોમાઈ બહાર નીકળી. તેની સખીઓના આશ્ચર્યનો તો પાર જ ન હોતો. તેમણે સોમાઈની આવી વર્તણુંક કદિયે જોઇ ન હતી કયારેય નહિ ને આજે આમ કેમ થયું હશે? તેઓ વિચારમાં ડૂબી. વધુ કાંઈ ન સુઝતાં તેઓ પણ સોમાઇ પાછળ પાછળ ચાલી નીકળી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુમુક્ષુઓ! મોહ મદીરા પાન કરીને આખું જગત ઉન્મત બન્યું છે. અહં અને મમ ના અંધકારે આત્માની સત્તા પર આજે પ્રભુત્વ જમાવ્યું છે. જુઓ તો ખરા આ વિની પાત! હું આવો અને હું તેવો! આખો દિવસ હું હું હું કરી કરી હું કોણ છે એજ આપણે ભૂલી ગયા! નિરાંતથી 'હુ' જેની સંગે જોડીએ છીએ તે અતે ચલાયમાન છે તે જાણ જો. चला लक्ष्मीश्चल। प्राणाः પણ મોહ મદીરાથી છકી ગયેલા કયાંથી જાણે? નિશ્ચલ અને શાશ્વત એક માત્ર ધર્મ છે. જેની કોઈને પડી હોય એમ જણાતું નથી. કંઈ વાંધો નહિ. હમણા જાણવાની ચિંતા નહિ કરો તોયે તમે સનાતન સત્ય તો એકદિવસ શિખી જવાના. કાળ પુરુષ જ તમને એ શિખવી દેશે! બધી બાજી ઉંધી વળી ગયા પછી આપો આપ સમજી જસો કે મારૂં મારૂં જીવનભર કર્યું તેનુ એક પરમાણુ યે મારૂં નથી. નાહક ખોટી ઉપાધિ કરી!

હું જે કહેવા ઇચ્છું છું તે જો તમારે ગળે ન ઉતરે તો સંતોષ શું છે તે પ્રથમ જાણીલો. વિરક્તિનો એ પહેલો પાઠ છે. સંતોષ એજ જેમના જીવનનું ભૂષણ છે. તેમના શાન્નિધ્યમાં તો નવનિધિ અષ્ટ મહાસિદ્ધિ છે. કામધેનું તેમની અનુગામિની છે. તેમની પૂંઠે પૂંઠે ફરે છે! દેવતાઓ એમના કિંકર થઇને રહે છે!! પણ સંતોષ અને તે દ્વારા મળતી શાંતિ જો કોઈના નસીબમાં હોય તો તે માત્ર યોગીનાજ નસીબમાં છે. બાકી બીજે બધે તો अहं અને મમના અંધારાને બાચકા ભરવાનું લખ્યું છે. શાસ્ત્રોમાં લખ્યુ છે सतु भवति दरिद्रो यस्य तृष्णा विशाला ભિખારી અને દરિદ્ર એજ છે કે જેની તૃષ્ણાનું ખપ્પર કયારેય ભરાતું નથી. લો સાંભળો આટલું ધન મેળવ્યા પછીયે ભિખારી ના ભિખારી જ રહ્યા! શાસ્ત્રોમાં તો એનું એજ પુનઃ પુનઃ પ્રતિપાદિત થયું છે કે-અતિ સ્નેહ દુઃખ નુ મૂળ છે. સંતોષ બધાયે સુખોનું મૂળ છે. આ પ્રચંડ સત્યની પ્રતીતિ નથાય ત્યાં સુધી કયાંથી સમજાયકે-શુદ્ધ આત્મ દ્રવ્ય તે હું છુ અને શુદ્ધ જ્ઞાન તે મારો ગુણ છે. તે સિવાય હું કંઇ પણ અન્ય નથી તેમ અન્ય પણ મારું નથી અહં અને મમ ના અંધારા દુર થયા પછી જ એ જ્ઞાન આવશે, અને એ જ્ઞાન આવ્યા પછી જ સમજાશે કે-હું પોતે નિર્મળ જ્ઞાન-દર્શન-ચારિત્ર સંપન્ન એક અખંડ દ્રવ્ય આત્મા છું, જ્ઞાન-દર્શન-ચારિત્ર એ મારુ શાશ્વત ધન છે. ભયંકર લુટારાઓની પણ શક્તિ નથી કે મારું એ શાશ્વત ધન લુટી જાય. હવે કહો કે તમારુ શાશ્વત ધન કયું!'

'જ્ઞાન-દર્શન અને ચારિત્ર' ઉપાશ્રયમાં પડઘો પડયો.

'ચેતનો! સંસાર રૂપી મહાસાગર અનંત અને અપાર છે એનો પાર પામવા માટે પુરુષાર્થનો ઉપયોગ કરો. ઘડી ભર વિચાર કરો કે અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારના દુઃખ છે. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'ખરતર' ગુરૂ પટ્ટાવલિ ચોપઈ છે.

(ગયા અંકથી ચાલુ)

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ

પટ્ટધરને બદલે કોઇ કોઈ જૈન 'પટધર શબ્દ વાપરે છે. એ 'પટરાણી' શબ્દનું સ્મરણ કરાવે છે. પટ્ટાવલીની જેમ ગુરુ પ્રગુરુ ઈત્યાદિની પરંપરાને દર્શાવનારો શબ્દ 'ગુર્વાવલી' છે... એ સંબંધી કૃતિઓ ખરતર અને તપગચ્છ અંગે તો રચાયેલી છે. આ લેખગત ગુર્વાવલી ખરતરા ગચ્છ સંબંધી છે-એમાં ૧૯ પદ્યો-કડી છે; ૧૮મી કડી નો કર્તાએ પૂર્વાર્ધ નીચે મુજબ છેઃ-

'એ ખરતરે ગુરુ પટ્ટાવલી. કીધી ચઉપદ મનની રલી. નવમી કડીના ચોથા ચરણમાં પટ્ટિ' શબ્દ છે. ૧૯મી કડીમાં આ કૃતિની ફુલશ્રુતિ દર્શાવાઇ છે. સાથે સાથે કર્તાએ પોતાનું નામ 'રાજસુન્દર' સૂચવ્યું છે. એઓ જિનચન્દ્રના શિષ્ય થાય છે અને એમણે આ 'પટ્ટાવલી ' દેવકુલપાટનમાં વિ.સં. ૧૬૬૯માં શ્રાવિકા થોભણદે માટે લખી છે. એમ ઉપર્યુક્ત પુ. ૬૯૭માં ઉલ્લેખ છે. એ માટે **દેવકુલ પાટક**(પૃ.૧૬)ની સાક્ષી અપાઈ છે. **રાજસુન્દર**નો વિશેપ પરિચય અને એમણે કોઈ અન્ય કૃતિ રચી હોય તો તેની નોંધ જૈ.ગૂ.ક઼.માં તો નથી.

પ્રસ્તુત કૃતિનો પ્રારંભ સરસ્વતી, ગૌતમ(સ્વામી અને પોતાના ગુરુને પ્રણામ કરવા પૂર્વક કરાયો છે એમાં અનુક્રમે ગુરુનાં નામ નીચે મુજબ અપાયાં છે (૧) ઉદ્દ્યોતનસૂરિ, (૨) વર્તમાનસૂરિ, (૩) જિનેશ્વરસૂરિ, (૪) જિનચન્દ્રસૂરિ. (૫) અભયદેવસૂરિ (૬) જિનવલ્લભસૂરિ, (૭) જિનદત્તસૂરિ, (૮) જિનચંન્દ્રસૂરિ, (૯) જિનપતિસૂરિ, (૧૦) જિનપ્રબોધસૂરિ, ૧૧) જિનેશ્વરસૂરિ, (૧૨) જિનચન્દ્રસૂરિ, (૧૩) જિનકુશલસૂરિ, (૧૪) જિનપદ્મસૂરિ, (૧૫) જિનલબ્ધિસૂરિ, (૧૬) જિનચન્દ્રસૂરિ, (૧૭) જિનોદયસૂરિ. (૧૮) જિનરાજસૂરિ, (૧૯) જિનવર્ધનસૂરિ, (૨૦) જિનચન્દ્રસૂરિ, (૨૧) જિનસાગરસૂરિ, (૨૨) જિનસુન્દરસૂરિ, (૨૩) જિનહર્ષસૂરિ, (૨૪)[1] (૨૫) જિનચન્દ્રસૂરિ. (૨૬) જિનશીલસૂરિ, (૨૭) જિનકીર્તિસૂરિ (૨૮) જિનસિંહસૂરિ, અને (૨૯) જિનચન્દ્રસૂરિ,

આ ૨૯માં જિનચંન્દ્રસૂરિ એ કર્તાના ગુરુ થાય છે. ૪,૮,૧૨,૧૬,૨૪, અને ૨૫ ક્રમાંકવાળા. સૂરિઓનું-એકંદર છ સૂરિઓનું એક જ નામ અને તે પણ જિનચંન્દ્ર' છે.

લગભગ પ્રત્યેક મુનિવરને અંગે કંઇ કંઇ બાબત દર્શાવાઈ છે. જેમ કે **વર્ધમાન**-સૂરિએ ઉપાવાસ કરી દેવીની આરાધના કરી એટલે એણે એમને 'સૂરિમંત્ર' આપ્યો છે

---

૧ એમનું અપર નામ જિનસમુદ્રસૂરિ, હોય એમ લાગે છે. એમના પછી ત્રણ નામ પછી જિનચન્દ્રસૂરિ ૨૫મા હોઈ શકે આથી એમ જણાય છે કે એક નામ રહી ગયું છે. એ ૨૪મું છે કે બીજું કંઈ ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સીમન્દર સ્વામીએ સાચો છે એમ દેવીને કહ્યું વિશેષમાં શરૂઆતમાં જિન શબ્દ સ્થાપવા સૂચવ્યું.

જિનેશ્વરસૂરિની દુર્લભરાજના પાટણ નગરમાં મઠપતિ સાથેના વાદમાં જીત થતાં એ સૂરિને એ રાજાએ વિ.સં. ૧૦૮૦માં ખરતર બિરૂદ્ધ આપ્યું.

'અભયદેવસૂરિએ નવાંગીવૃત્તિ રચી છે. એમનો રોગ થંભણપાસથી ગયો.

'જિનદત્તસૂરિને ૬૪ જોગણી (યોગિનીઓ) અને ૫૨ વીર નમતા હતા

'માણભદ્રની સ્થાપના એમણે કરી. અને વ્યંતરને આજ્ઞા મનાવી હતી. અજમેરમા એમનો થુભ (સ્તૂપ) છે.

આઠમા પટ્ટધર જિનચન્દ્રસૂરિને મણિધારક કહ્યા છે.

જિનવદ્ધનસૂરિના શીલ. માટે. સુદર્શન અને જંબુકુમારનો નિર્દેશ કરાયો છે તેમ કરતી વેળા એમને પાટિ પ્રભાકર મુકુટ સમાન કહ્યા છે.

વીસયા ગુરુ જિનચન્દ્રનેસૂરિની સમતાની પ્રશંસા કરાઇ છે.

જિનસાગરસૂરિને અંગે કહ્યું છે કે એમણે ૮૪ પ્રતિષ્ઠા કરી હતી. અને એમનો સ્તૂપ અમદાવાદમાં છે.

જિનસિંહસૂરિના સ્મરણથી ધનની પ્રાપ્તિ થાય છે એમ કહ્યું છે.

અંતમાં પોતાના ગુરુને જિનશાસનના સૂર્ય, વાદીસંજણ અને સિંહસમાન કહ્યા છે. વિશેષમાં ૨૯ ગુરુઓનાં નામ લેવાથી મનવંદિત નામ થાય એમ કહ્યું છે.

આ પ્રમાણે અહીં બે સ્તૂપને અંગે અજમેર અને અમદાવાદનો ઉલ્લેખ છે. આ ઉપરાંત ૨૯ ગુરુઓમાંથી ફક્ત અભયદેવસૂરિની નવ અંગોની વૃત્તિ સિવાય અન્ય કોઈની રચનાનો નિર્દેશ નથી.

આ કૃતિ જોકે નાનકડી છે છતાં મહત્વની હોઈ કંઠસ્થ કરવા જેવી છે. આવી અને લગભગ આટલી તો પ્રાચીન અન્ય કોઈ પટ્ટાવલી-ગુર્વાવલી પદ્યમાં ગુજરાતીમાં છે કે કેમ તેની હાલ તુરત હું શોધ કરું છું. દરમ્યાનમાં કોઈ સહૃદય સાક્ષરને એની ખબર હોય તો તેઓ મને તે સુચવવા કૃપા કરે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ ભગવાન મહાવીર

—લે. કુ. વર્ષાબહેન બ. શાહ

અહિંસાના અવતાર સમા શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના નામથી કોણ અજાણ્યું છે? આજે ૨૫૦૦–૨૫૦૦ વર્ષ વિતવા છતા એમનો પશોદેક અપર તે એમણે કહેલો જ્ઞાનનો પ્રકાશ આજ પણ ઝળહળી રહ્યો છે જેને ઉધ્ધારની તમન્ના છે. જેને સુખ અને શાંતિની ઇચ્છા છે. તેમણે ભગવાન મહાવીરે બનાવેલ માર્ગે ચાલવુ પડશે તેમનો ઉપદેશ આચરણમાં મુકવો પડશે.

આજે ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણક વર્ષે જયાં જયાં તેના અનુયાયીઓ વસે છે. તે દરેક ધાર્મિક સ્થળોએ મહોત્સવ ઉજવણી ઉત્સાહ ભેર થઈ રહી છે. દર વર્ષે મહોત્સવ ઉજવવા નવિનતા શુ? તેવો પ્રશ્ન સહેજે આપણને ઉપસ્થિત થાય છે તેનો જવાબ એક જ છે કે કોઈપણ સત્ય એકજ વખત કહેવાથી માનવીને ગળે ઉતરી જતું નથી. પણ એ સત્યને જેમ જેમ ઘુંટયા કરીએ તેમ તેમ આપણી ઉપર અજ્ઞાનતાના થર જે ગાઢ જામ્યા છે તેના ઉપર મે બોધરૂપી પાણીનો પ્રવાહ સતત વહેતો રહે તોજ ધીરે ધીરે અજ્ઞાનતાનું જે આવરણ દુર થાય અને સત્ય સમજાય આવા મહાપુરૂષોના અવાર નવાર ગુણ સ્મરણ કરીએ તેમજ તેઓએ આપેલ સંદેશ સાંભળીએ તો અજ્ઞાનતાનું જે આવરણ જડ ઘાલીને જામી ગયુ છે તે ધીરે ધીરે ચોક્કસ દુર થાય. આ ધ્યેયથી જ આપણે ભગવાન મહાવીરને જન્મ જયતિ તેમ જ નિર્વાણ દિને દર વર્ષે ઉજવીએ છીએ.

ભગવાન શ્રી મહાવીર દેવ એટલે વર્તમાન શાસનના સંસ્થાપક વર્તમાનમાં આપણે જે કાંઇ કલ્યાણ સાધી શકીયે છીએ અથવા તો જે કંઇ કલ્યાણ સાધી શકાય તેમ છે તે પ્રતાપ એ પરમાત્માનો છે આથી આપણા તો એ પરમ ઉપકારી છે એ તારકસર્વજીવોના અભય દાતા અને શુધ્ધ, અહિંસક માર્ગના પ્રરૂપક કોઇને, વસ્તુતઃ તો, સંસારવર્તી કોઈ પણ જીવ એ તારકના ઉપકારથી પર નથી આવા અનંત ઉપકારી પરમાત્માના સ્વરૂપથી સુજ્ઞાત બનવુ. એ એ તારકોની આજ્ઞાઓ પ્રતિની રૂચિ. અને તેની આરાધના ઉભયને શુવિશુધ્ધ બનાવવાનું પરમ કારણ છે. પરમાત્મા સ્વરૂપનું ચીંતન પરીણામ વિશુધ્ધને સર્જે છે. અને પરિણામ વિશુંધ્ધ એ તો સદાચાર આદિનું પ્રબળ કારણ છે. પરમાત્મા સ્વરૂપનો જેમ જેમ યથાર્થ ખ્યાલ આવતો જાય છે તેમ તેમ આત્મા એ તારકો પ્રતિ આકર્ષાતો જાય છે એ રીતિએ આત્માનો એ તારકો પ્રતિની પૂજ્યતાનો ભાવ વૃધ્ધિ પામે છે અને તેથી એ તારકોની આજ્ઞાઓને અનુસરવાનો અતિશય ઉત્સાહ પ્રાપ્ત કરી શકે છે પરમાત્માના જીવનને જાણવા માનવા આદિનો જો કોઈ પણ વિશીષ્ટ હેતુ હોય તો આજ છે પરમાત્માના જીવનને આવા જ હેતથી લખવું, વાંચવું યા વિચારવુ જોઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન મહાવીરનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯માં થયો હતો. આટલા લાંબા સમયે પણ ભગવાન મહાવીરના કરતી વખતે આપણા દિલમાં અવનવી ભાવના પેદા થાય છે અનેક શુભ પ્રેરણાઓથી આપણુ દિલ રંગાય છે એમના તરફ આપણા અંતરમાં અનેરી પ્રેમની લાગણી ઉધભવે છે એ મહાપુરૂપને યાદ કરતા જ અનેકવિધ શુભ લાગણીઓથી આપણું દિલ પ્રદિપ્ત થાય છે એનું કારણ એ જ છે કે ભગવાન મહાવીરે જગતને જે સંદેશ આપ્યો તેમાં લોક કલ્યાણના શાધન તત્વો છે. માનવજાત પોતાનો સાચો વિકાસ કઈ રીતે સાધી શકે. તે માટેની સાચી દોરવણી તેમાં છે. ભગવાન મહાવીરના જીવનમાંથી તેમનાં ઉપદેશમાંથી સાચો રાહ મળી શકે છે. તેમણે જે સર્વગુણ સંપન્નતા પ્રાપ્ત કરી તેવી સર્વગુણ સંમન્નતા મેળવવા આપણે સૌ યથા શક્તિ પ્રમાણિત પ્રયત્નો કરીએ તો આપણું દુઃખ આપણી અશાન્તિ, આપણી યાતના અવશ્ય દુર થાય જ.

## આ.....ભા.....ર

શ્રી ઉઝા ફાર્મસી લિમિટેડનાં માલીક શ્રીયુત શેઠ શ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આ સભાના લાઈફ મેમ્બર છે તેમના તરફથી દરવર્ષની માફક આ વર્ષે પણ વિ. સવત ૨૦૩૧ની સાલ નાં કાર્તકી પંચાગ સભાસદ બંધુઓ તેમ જ શ્રી જૈન ધર્મ પ્રકાશના માસિક ગ્રાહક બંધુઓને ભેટ આપવા મોકલાવેલ છે જે આસો માસના અંક સાથે રવાના કરવામાં આવેલ હતાં તેઓશ્રીની સભા પ્રત્યેની લાગણી માટે સભા તેમનો આભાર માને છે.

## સ્થાનિક સમાચાર

કા. સુ. ૧ ને દીવસે સભાનાં પ્રમુખ શેઠ શ્રી રમણીકલાલ ભોગીલાલ (બકુભાઈ) તરફથી સભાનાં સભાસદ્ ભાઈઓને દુગ્ધાનુંપાન કરાવવામા આવેલ તથા શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં જ્ઞાનપંચમીને દીવસે સુંદર રીતે જ્ઞાનની રચના કરેલ હતી. અને સારી એવી સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ લીધેલ હતો. તથા કા. શુદ ૬ ને દિવસે જ્ઞાન સમીપે પંચજ્ઞાનની પુજા ભણાવવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગયા અંકથી ચાલુ ) **વિશ્વમાન્ય ધર્મ** ( દોહરા )

卐

બ્રાહ્મણ મરી જાય ભંગીયો,
ક્ષત્રિ મરી થાય વૈશ્ય,
વૈશ્ય મરિ બ્રાહ્મણ બને,
દેખત ભૂલિ સંદેશ. ૧૫૫

બાપ મરી થાય થાય દિકરો,
મા મરી થાય બેન,
બેન મરિ થાય બાયડી,
ઉલ્ટા સુલ્ટા વહેણ, ૧૫૬

જન્મીને કેમ જીવવું ?
જીવી મરવું કેમ ?
પ્રથમ આદર્શ જીવનતણી,
સુવર્ણ ભુમિકા પ્રેમ. ૧૫૭

હિંસા અહિંસ ભેદ પણ,
મન-વચન-કાય કાય સંયોગ,
કેવળી છદ્મ કરે,
અંતે નિર્વાણ ભોગ. ૧૫૮

રચયીતા : **શાહ ચતુર્ભુજ હરજીવનદાસ.** ( ક્રમશઃ )

## ભૂલી જતાં શીખો.

( શિખરિણી. )

**ભૂલી જાવું એતો ! જગત પરનાં વૈર તજવા,**
**ભૂલી જાવું એતો ! તન મન તણાં રોગ હરવા;**
**ભૂલી જાવું એતો ! પ્રભુ ચરણમાં વાસ કરવા,**
**ભૂલી જાવું એતો ! સકળ જગતમાં શાંતિ ભરવા.**

જગતમાં સળગી રહેલ વૈરની જવાલાને હોલવવી હોય, મનના અને શરીરના રોગથી દૂર થવું હોય, પ્રભુ ચરણમાં વાસ કરવાની ઇચ્છાને પૂર્ણ કરવી હોય અને માનવજીવનની મધુરતાનો આનંદ અનુભવી દૈવી જીવન ભોગવવું હોય તો **ભૂલી જતાં શીખો ?**

અનિશ્ચિત અને અલ્પાયુ માનવજીવનને સુખમય બનાવી સુખથી મરવાનો-મરીને જીવવાનો કોઈ ઉત્તમોત્તમ ઉપાય હોય તો તે ભૂલતાં શીખવું એજ છે. વધુ શું કહું ? જીવને શિવ બનવું હોય તો **ભૂલતાં શીખો** જેનાપર પ્રભુની પ્રભુની પૂર્ણ કૃપા હોય તે જ **ભૂલતાં શીખે.** —**લે. સ્વ. માસ્તર શામજીભાઇ હેમચંદ દેસાઈ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

# ભગવાન મહાવીરની પચ્ચીસોહમાં

## 卐 નીર્વાણ કલ્યાણક વર્ષ પ્રસંગે આટલું વાચારીયે 卐

આજે આ વાત ને અઢી હજાર વર્ષ થવા આવ્યા જ્યારે ભારતની આ ધરતી ઉપર મહાપુરૂષનો જન્મ થયો હતો દુની-યાએ એ મહાપુરૂષ પાસેથી મનુષ્ય જીવન જીવવાની એક કલા જાણી. શીખી અને અપનાવી. જ્યારે જ્યારે માનવ નીરાશા તરફ જવા લાગે છે અને આશાનું એક પણ કીરણ એને દેખાતુ નથી ત્યારે એને નીરાશામાં થી પૂનઃ આશામાં લાવવા કોઈ અગમ્ય પ્રકાશ નો ઉદય થાય છે પ્રભુ મહાવીર પણ એક હતા, હિંસા, જુઠ-ચોરી અનાચાર અને પરીગ્રહમાં જ્યારે તે વખતનો માનવ આશક્ત બન્યો ત્યારે પ્રભુ મહાવીરે દાનવી વૃત્તિઓ તજ-વાની પ્રેરણા આપી અને સમાજમાં અહિંસા સત્ય અચોર્ય બ્રહ્મચર્ય અને અપ્રરિગ્રહના મહાન સંદેશ દ્વારા એક મોટી, ક્રાંતી સર્જી આજે જ્યારે માનવ પાછો હીંસા જુઠ ચોરી અનાચાર અને પરીગ્રહમાં લપટાયો છે અને સાચોપ્રેમ અને શાન્તી ની દુર દુર જઈ રહ્યો. છે ત્યારે આજે એ પ્રભુ મહાવીરની પચ્ચીસોહ મી વર્ષગાંઠ પ્રસંગે પ્રભુ મહાવીરનો શાન્તીનો સંદેશ ઘેર ઘેર પહોચાડી પ્રભુ મહાવીરનાં સાચા અનુરાગી બનીયે એજ શુભેચ્છા.



—ભગવંત

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ગોકીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only